# બુધવાર, તા.૧લી જુલાઈ, ૨૦૨૬

## ૩૯૩. અંદાજ સમિતિની બેઠકઃ–

અંદાજ સમિતિની પ્રાથમિક બેઠક મંગળવાર, તા.૧૬/૦૬/૨૦૨૬ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી.

સમિતિની આ પ્રાથમિક બેઠકમાં માનનીય પ્રમુખશ્રીએ સૌ પ્રથમ સમિતિના નિમાયેલ સર્વે માનનીય સભ્યશ્રીઓને આવકાર્યા. ત્યારબાદ સમિતિ સચિવ તથા નાયબ સચિવ ડૉ. હર્ષિલ પટેલ દ્વારા સમગ્ર સમિતિ વતી સમિતિના માન.પ્રમુખશ્રી તરીકે નિમણૂંક પામવા બદલ ડૉ. સી.જે.ચાવડાને પુષ્પગુચ્છ આપી અભિનંદન પાઠવવા આવ્યા હતા અને તે સંબંધમાં સમિતિની કાર્યવાહી અંગે પ્રાસંગિક પ્રવચન કર્યુ હતુ તેમજ સમિતિના કામકાજથી સમિતિના સૌ સભ્યશ્રીઓને અવગત કરાવ્યા હતા.

**સમિતિનો નિર્ણયઃ** સમિતિએ તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજની આગામી બેઠકમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તપાસ હાથ ધરવાનું નક્કી કર્યુ હતુ.

સમિતિની બેઠક બપોરના ૦૧–૧૦ કલાકે પૂરી થઇ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**